







ફિનિશિંગ સ્કૂલની તાલીમનાં માસ્ટર ટ્રેનર ડૉ.આદિત્ય યાજ્ઞિક અને ટ્રેનર સિદ્ધાર્થ પરમ તેમજ ફિનિશિંગ સ્કુલના તાલીમાર્થીઓ સાથે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ, ફિનિશિંગ સ્કુલના કૉ.ઓર્ડીનેટર પ્રા.ડૉ.જ્યોતિબેન કુરાડા

## ૧૦.૧.૫ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

**પ્રા.જીગરકુમાર વી. પરમાર**

**કો.ઓર્ડિનેટર**

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીનો હેતુ યુવાનોમાં નવીનત્તમ વિચારોને સમર્થન આપવા માટે એક રાજયવ્યાપી યુનીવર્સીટી આધારિત નવીનતા ઇકો સીસ્ટમ બનાવવાનો છે. વિદ્યાર્થીઓમાં રહેલ સર્જનાત્મક શક્તિનો મહત્તમ ઉપયોગ થાય અને તેમની અંદર રહેલી સુષુપ્ત શક્તિને જાગ્રત કરીને એ શક્તિનો પોતાના વ્યકતિત્વનાં વિકાસ થકી રાજ્ય, દેશના વિકાસમાં યોગદાન આપી રાષ્ટ્રનાં વિકાસમાં સહભાગી બને અને તેમની સર્જનશક્તિને અનુકૂળ વાતાવરણ પ્રદાન કરે તે માટે SSIP કાર્ય કરે છે. વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ,

સંશોધન, નવીનત્તમ વિચારોને સાંભળીને તેને હેન્ડ હોલ્ડીંગ દ્વારા માઈન્ડ ટુ માર્કેટમાં સહાયક ભૂમિકા SSIP ભજવે છે. કોલેજ કક્ષાએ આચાર્યશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ SSIP સેલની રચના કરવામાં આવી છે જેમાં SSIP કૉ.ઓડીનેટર, આસી. કૉ. ઓડીનેટર અને સભ્ય કાર્યચાલક કમિટી કાર્યરત છે. શૈ.વર્ષ:૨૦૨૦-૨૧ દરમિયાન ૬૬ જેટલા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ દર્શાવતા તેઓ પોતાના પગ પર ઉભા રહી શકે તે માટેના તાલીમી વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું જેની ઝાંખી નીચે મુજબ છે.

તા.૦૪/૦૭/૨૦૨૨, સોમવાર થી તા.૦૭/૦૭/૨૦૨૨, ગુરૂવાર સુધી ઇનોવેશન ક્લબ અંતર્ગત કોલેજ કક્ષાએ "પ્રબોધ" લેવલની D.I.Y.KITSની ટ્રેનિંગમાં તાલીમ મેળવતા વિદ્યાર્થીઓ








“પ્રબોધ” લેવલની D.I.Y.KITSની વિદ્યાર્થીઓને તાલીમ આપતા શ્રી વિષ્ણુભાઈ વઢિયાર અને શ્રી દૈનિક પટેલ તથા તેમને નિહાળતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને અધ્યાપકો













સત્યડે દૈનિક વિનોદ મિસ્ત્રી ૮/૭/૨૨ Page-7

ખેરગામની સરકારી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન કોલેજમાં

## ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ આયોજિત ઈનોવેશ[ન] ક્લબ અંતર્ગત “પ્રબોધ” લેવલની D.I.Y.Kitsની તાલિ[મ]

[illegible]

તા.૨૬/૦૭/૨૦૨૨, ઇનોવેશન સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ



ઇનોવેશન સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપતા આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબ, મહેમાનશ્રીઓ અને અધ્યાપકો

## તા.૦૫/૦૮/૨૦૨૨, અમૃત નવસર્જનની તાલીમ આપતા વિદ્યાર્થીઓ









**દિવ્ય ભાસ્કર** નવસારી 05-08-2022

### ખેરગામમાં છાત્રોને આત્મનિર્ભર બનાવવા અમૃત નવસર્જન પર કોડિંગની તાલીમ અપાઈ



**ખેરગામ** | રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગર દ્વારા આયોજિત ઈનોવેશન ક્લબ અંતર્ગત સંસ્થાના આચાર્ય ડો. એસ.એમ. પટેલના અધ્યક્ષપદે ઈનોવેશન ક્લબના કો-ઓર્ડિનેટર પ્રા.જીગરકુમાર વી.પરમારની સાથે તરૂણ પટેલ, ભાવેશ પુરોહિત, બુમતરીયા વિનય, કમલેશ ભોયે, કોમલ પટેલ, વાધિયા દિવ્યા, ક્રિષ્ના પટેલે સાયન્સ સિટી અમદાવાદમાં જે બૂટ કેમ્પનું આયોજન કર્યું હતું, જેમાં બૂટ કેમ્પ કોડિંગમાં તાલીમ લીધી હતી. જે તમામ વિદ્યાર્થીઓએ એક અઠવાડિયાની તાલીમ ચાલુ શૈક્ષણિક વર્ષ F.Y.B.Sc ના નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરી તેનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. આ અમૃત નવસર્જન પર કોડિંગની તાલીમનો હેતું વિદ્યાર્થીઓ કઈક નવું શીખે, નવું વિચારે અને નવસર્જન કરે અને નવું માર્કેટ તૈયાર કરે અને પોતાનો ખર્ચ ઉપાડી આત્મનિર્ભર બને અને ભારતને આત્મનિર્ભર બનાવવા તરફ લઈ જવાનો છે.

**દિવ્ય ભાસ્કર** વાપી ભાસ્કર 05-08-2022

### ખેરગામમાં છાત્રોને આત્મનિર્ભર બનાવવા અમૃત નવસર્જન પર કોડિંગની તાલિમ અપાઈ



**ખેરગામ** | રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગર દ્વારા આયોજિત ઈનોવેશન ક્લબ અંતર્ગત સંસ્થાના આચાર્ય ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ ઈનોવેશન ક્લબના કો-ઓર્ડિનેટર પ્રા.જીગરકુમાર વી.પરમારની સાથે તરૂણ એ. પટેલ, ભાવેશ એલ. પૂરોહિત, બુમતરીયા વિનય, કમલેશ ભોયે, કોમલ આર. પટેલ, વાધિયા દિવ્યા, ક્રિષ્ના પટેલે સાયન્સસીટી અમદાવાદ ખાતે જે બૂટકેમ્પ નું આયોજન કરેલ હતું જેમાં બૂટ કેમ્પ કોડિંગમાં તાલિમ લીધી હતી. જે તમામ વિદ્યાર્થીઓએ તા.28 જૂનથી તા.2 ઓગસ્ટ એક અઠવાડિયાની તાલિમ ચાલુ શૈક્ષણિક વર્ષ F.Y.B.Sc ના નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને તાલિમ આપી હતી. અને વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરી તેનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું હતું.

તા.૨૨/૦૯/૨૦૨૨, ગુરૂવાર થી તા.૨૩/૦૯/૨૦૨૨, શુક્રવાર સુધી “અમૃત નવસર્જન સ્પર્ધા”માં ભાગ લેવા માટે સાયન્સ સિટી અમદાવાદ ખાતે સ.વિ.વા.કો. વાંસદાના ૦૨ અને ખેરગામકોલેજના ૦૬ વિદ્યાર્થીઓ સાથે પ્રા.જીગરકુમાર વી પરમાર













તા.૨૬/૧૨/૨૦૨૨ને સોમવારનાં રોજ "બેઝીક ઓફ ઇનોવેશન" "કરિયર ગાઇડન્સ" સેમિનાર














સેમિનાર માટે પધારેલ વૈદિક ગણિતશાસ્ત્રનાં નિષ્ણાંત શ્રી સતિષભાઇ પટેલ અને સાયન્સ કોલેજ ચીખલીથી પ્રા.ડૉ.પ્રદ્યુમનભાઇ પરમાર તેમજ NDRF ફાઉંન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલ, મહેમાનોનું સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને અધ્યાપકો

તા.૧૩/૧૦૨/૨૦૨૩, ઇનોવેશન અંતર્ગત માર્ગદર્શન સેમિનાર



ઇનોવેશન અંતર્ગત માર્ગદર્શન સેમિનારમાં આવેલ નિષ્ણાંત વ્યાખ્યાતાનું સ્વાગત કરતાં ડો.એસ.એમ. પટેલ સાહેબ અને પ્રા.જિગર પરમાર

## ૧૦.૨. વિભાગ અંતર્ગત થયેલ પ્રવૃતિઓનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

### ૧૦.૨.૧. અંગ્રેજી વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

તા.૨૧/૦૨/૨૦૨૩, "આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ"ની ઉજવણી




પ્રસંગોચિત વ્યાખ્યાન આપતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ

### ૧૦.૨.૨. ગુજરાતી વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

પ્રા.ડૉ.મીનાક્ષીબેન આર. પટેલ
અધ્યક્ષ ગુજરાતી વિભાગ

આજના માનવસમાજ અને સંસ્કૃતિમાં ભાષા અતિશય મહત્વનું ચાવીરૂપ સ્થાન ધરાવે છે. કોઈ અકસ્માતથી કે શાપથી ભાષાનું આ સાધન માનવજાત પાસેથી છીનવાઈ જાય તો શી દશા થાય? આપણો અરસપરસનો ઘણો બધો વ્યવહાર અટકી પડે, પુસ્તકો લખાય નહિ; આપણે વાંચી નાં શકીયે, દૂર દેશ સંદેશા ના મોકલી શકાય, જ્ઞાનવિજ્ઞાન એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચી ના શકે. ટૂંકમાં, વેપાર-ઉધોગ રાજ્યવહીવટ, શિક્ષણ, વિજ્ઞાન તમામ તંત્ર તૂટી પડે. ઈતિહાસનું તો અસ્તિત્વ જ ન રહે. ભાષા માનવજાતની એક વિશેષતા છે. ભાષાના ઉપયોગથી જ માણસે જગતના જીવોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભાષા માનવસમાજની સરજત છે. સમાજમાં રહેવાનું એ પરિણામ છે. ભાષા કેટલી વિવિધ કામગીરીઓ બજાવે છે એવો વિચાર કરીયે ત્યારે જ સમજાશે કે એ આપણા જીવનમાં કેટલી હદે વણાયેલી છે.

આજે ગુજરાતમાં બોલાતી ભાષા ગુજરાતી એમ આપણે સમજીએ છીએ, પરંતુ ગુજરાત તરીકે ઓળખાતો પ્રદેશ આજથી હજારેક વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર, આનર્ત અને લાટ એમ વિવિધ પ્રદેશોનો બનેલો હતો. આ પ્રદેશમાં જે વિવિધ પ્રજાઓએ આવીને વસવાટ કર્યો તેને આઠમી સદીની આસપાસ ગુર્જર પ્રજા અને ગુર્જર પ્રદેશનું નામ અપાવું હોવાનું કહેવાય છે. સમયાંતરે ગુજરાત અને તેમાં બોલાતી ભાષા ગુજરાતી એમ પ્રચલિત થયું.

આચાર્ય હેમચંદ્રે અગિયારમી સદીમાં જે ગ્રંથો રચ્યા તેનો સમય સિદ્ધરાજ-કુમારપાળનો છે અને ત્યારથી આપણને લેખિત ગુજરાતી મળી આવી હોવાનું મનાય છે.


દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 27-08-202

**ખેરગામની કોલેજમાં કવિ નર્મદની જન્મ જયંતિની સ્મરણાંજલિ સાથે ઉજવાઈ**

ખેરગામ| ખેરગામની સરકારી કોલેજમાં આચાર્ય ડો.એસ.એમ.પટેલ માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત ગુજરાતી વિભાગ દ્વારા કવિ નર્મદની ૧૮૯મી જન્મ જયંતિની ઉજવણીમાં T.Y.B.A. ના વિદ્ય તરૂણ એ. પટેલે અને જીનલ પટેલે નર્મદના જીવન કવન અંગે P.P.T. બતાવવામાં આવી જેમાં ૨૦ જેટલા ભાઈઓ બહેનોએ ભ લીધો હતો. ગુજરાતની અસ્મિતા રજૂ કરતું ગુજરાતનું ગૌરવગાન ' જય ગરવી ગુજરાત' S.Y.B.A.ની વિદ્યાર્થીનીઓએ રજૂ કર્યું હ કવિ નર્મદનું રેખા ચિત્ર રંગોળી દ્વારા અંકિત કરાયું. આચાર્ય પ્રસંગોચિત ઉદબોધન આપતા જણાવ્યું કે નર્મદ "અર્વાચિનોમાં આ પ્રાણવંત પૂર્વજ, નવા યુગનો નંદી અને લહેરી" વગેરે ગૌરવયુક્તશ વડે નર્મદની ઓળખ રજૂ કરી અને કવિતા, આત્મકથા, ડાંિ પાક્ષિક, કવિતાક્ષેત્રે નવી પહેલ કરનાર તથા સુધારક યુગનો પ્ર નવજાગૃતિ લાવનાર સર્જક ગણાવ્યો હતો.


**ખેરગામની સરકારી કોલેજમાં કવિ નર્મદની જન્મજયંતિની ઉજવણી**

વિનોદ મિસ્ત્રી

(દ.ગં.ટા. પ્રતિનિધિ) ખેરગામ, તા. ૨૬ : સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ, જિ.નવસારી ખાતે તા.૨૪/૦૮/ને બુધવારના રોજ આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત ગુજરાતી વિભાગ દ્વારા કવિ વીર નર્મદની ૧૮૯મી જન્મ જયંતિની ઉજવણીમાં T.Y.B.A.ના વિદ્યાર્થી તરૂણ એ. પટેલે અને જીનલ પટેલે નર્મદના જીવન કવન અંગેની P.P.T. બતાવવામાં આવી જેમાં ૨૦ જેટલા ભાઈઓ બહેનોએ ભાગ લીધો. ગુજરાતની અસ્મિતા રજૂ કરતું ગુજરાતનું ગૌરવગાન 'જય જય ગરવી ગુજરાત' એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓએ કર્યું હતું. કવિ નર્મદનું રેખા રંગોળી દ્વારા અંકિત કર આચાર્યએ પ્રસંગોચિત ઉદબો આપતા જણાવ્યું કે ન અર્વાચિનોમાં આદ્ય, પ્રાણ પૂર્વજ, નવા યુગનો નંદી લહેરી વગેરે ગૌરવયુક્તશ વડે નર્મદની ઓળખ રજૂ અને કવિતા, આત્મકથા, ડાં પાક્ષિક, કવિતાક્ષેત્રે નવી પ કરનાર તથા સુધારક યુગ પ્રથમ નવજાગૃતિ લાવ સર્જક ગણાવ્યો હતો. સ કાર્યક્રમનું સંચાલન S.Y વિદ્યાર્થી નૈનેષ પટેલ વિદ્યાર્થીની હિરલબેન પટેલે હતું અંતમાં વિદ્યાર્થ હિરલબેન પટેલે સૌનો આ વ્યક્ત કર્યો હતો..

તા.૩૦/૦૮/૨૦૨૨, મંગળવારનાં રોજ ગુજરાતી વિભાગ અંતર્ગત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૬મી જન્મ જયંત્તિ નિમિતે રેખાચિત્ર, વકતૃત્વ અને લોકગીત કાર્યક્રમ







